ક્રમાંક:મઉમશબ/ક-૧/ ૨૪૮
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
જુના સચિવાલય પાસે, સેક્ટર-૧૦ બી,
ગાંધીનગર
તા.૧૬/૦૬/૨૦૨૦

પ્રતિ,
તંત્રીશ્રી,
ન્યુઝ - ૧૮ ગુજરાતી
સમાચાર વેબસાઇટ

**વિષય**:- " ગુજરાત શિક્ષણ બોર્ડની ઘોર બેદરકારી " સમાચારને રદીયો આપવા બાબત

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે આપની સાઇટ **Gujarat.news18.com** પર ૧૬ જુન ૨૦૨૦ ૩:૧૨ pm IST સમયે પ્રસિધ્ધ થયેલ સમાચાર " ગુજરાત શિક્ષણ બોર્ડની ઘોર બેદરકારી " અંગેની વાસ્તવિકતા એ છે કે ધોરણ-૧૨ સામન્ય પ્રવાહ માટે માર્ચ-૨૦૨૦ની પરીક્ષામાં બહારના ઉમેદવાર તરીકે ઉપસ્થિત રહેલ. શ્રી ભાર્ગવ દિલીપભાઇ ત્રિવેદી કે જેઓને ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા બેઠક નંબર- P ૯૦૪૮૯૯ વાળું પ્રવેશપત્ર આપેલ અને તેઓને નામના મૂળ તત્વો વિષય કોડ ૧૫૪ અને આંકડાશાસ્ત્ર વિષય કોડ ૧૩૫ માટે પરીક્ષા સ્થળ ગુલશન મહેર માધ્યમિક શાળા, સંગમ સિનેમા નજીક, સરખેજ અમદાવાદમાં ફાળવવામાં આવેલ ઉક્ત બન્ને વિષયની પરીક્ષા અનુક્રમે તારીખ:- ૦૫/૦૩/૨૦૨૦ અને તારીખ:- ૦૬/૦૩/૨૦૨૦ના રોજ યોજાયેલ. જેમાં ઉક્ત ઉમેદવાર પરીક્ષા દરમિયાન તે જ પરીક્ષા સ્થળમાં અન્ય ગેરહાજર રહેલ ઉમેદાવાર કે જેઓનો બેઠક નંબર:-P ૯૦૪૯૧૦ હતો. તે બેઠક નંબર ઉપર ઉપસ્થિત થઇને પરીક્ષા આપેલ જેથી તેઓ હાજર હતા પણ અન્ય ઉમેદાવારના બેઠક નંબરનું બારકોડ સ્ટીકર વાપરીને પરીક્ષા આપેલ હોઇ ઉક્ત બન્ને વિષયમાં ગેરહાજર દર્શાવીને પરીણામ જાહેર થયેલ છે. વિદ્યાર્થી અને પરીક્ષાખંડના સુપરવાઇઝરની ક્ષતિના કારણે આ ઘટના બનેલ છે. જો પરીક્ષા બાદ પરીક્ષાખંડના સુપરવાઇઝર કે વિદ્યાર્થીએ આ ભુલ બોર્ડના ધ્યાને મુકી હોત તો પરીણામ પહેલા ક્ષતિ નિવારી શકાઇ હોત. આમ સમગ્ર ઘટનામાં બોર્ડ કક્ષાએથી કોઇ ક્ષતિ થયેલ નથી. આવા પ્રકારની પરીક્ષા ખંડના ક્ષતિઓ માટે પરીણામ બાદ જ વિદ્યાર્થી દ્વારા દફ્તર ચકાસણી કરાવવાની જોગવાઇ છે. જેથી વિદ્યાર્થીને અન્યાય થવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આવા સમાચારો પ્રસિધ્ધ કરતાં પહેલા જો બોર્ડ સાથે ખરાઇ કરવામાં આવે તો સમાજમાં ખોટી ગેરસમજ ટાળી શકાય છે. અને ઉક્ત ઘટનાનો આપના ટીવી માધ્યમથી સ્પષ્ટતા કરશો જેથી ગેરસમજ દુર થઇ શકે.

Ameri..

નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

Scanned with CamScanner